ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં મેઘરાજા આખરે મંદ મંદ વરસ્યા ખરા

**પોણા ઇંચ વરસાદથી ઠંડક પ્રસરી : ગઇકાલ સાંજથી મેઘરાજાનો મિજાજ બદલાતા રાત્રીના વરસાદી ઝાપટા બાદ દિવસ દરમિયાન પણ ઝરમરિયો વરસાદ વરસ્યો : નગરજનોએ રજાના દિવસે વરસાદમાં ભીંજાવાની મજા લીધી : શહેરમાં સિઝનનો સવા ચાર ઇંચ વરસાદ : સેકટરોના કોમન પ્લોટમાં પાણી ભરાયા : વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી થઇ**







ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં મેઘરાજાએ આખરે પધરામણી કરતા નગરજનોમાં આનંદની લાગણી વ્યાપી હતી. ગઈકાલે રાત્રિના ઠંડક વચ્ચે ભીંજાવાની મજા માંણી હતી. વરસાદના લીધે સેકટરોના કોમન પ્લોટ તેમજ માર્ગો પર પાણી ભરાઇ ગયુ હતુ. સેકટરોમાં પણ વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી રહ્યુ હતુ જયારે ગઈકાલે રાત્રિના સમયે પણ વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા મેઘરાજાનો મિજાજ બદલાતા શહેરમાં આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો હળવા ભારે ઝાપટા સાથે સાંજ સુધી સતત વરસાદી પાણી ટપકતુ રહ્યુ હતુ રવિવારે રજાના દિવસે શહેરમાં વરસાદી સાંજનો નઝારો નિખર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી વરસાદ હાથતાળી આપી જતા આકરા બફારાથી બેચેન નગરજનો પણ હવે મેઘરાજા હેત વરસાવે તેની વાટે હતા જો કે આજે પણ દિવસ દરમિયાન માંડ પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો પરંતુ વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સેકટરોમાં કોમન પ્લોટમાં વરસાદી જામતા મકાઈ અને દાળવડાની લારીઓ પર ભીડ જોવા મળી હતી. રજાના દિવસે વરસાદી માહોલ નિખરતા નગરજનોએ મોસમની મજા માણી હતી.જયારે સેકટરોમાં



વરસાદી ઝાપટા બાદ આજે પણ વરસાદનો મિજાજ યથાવત રહ્યો હતો. મેઘરાજા આખરે મંદ મંદ પણ વરસતા નગરજનોને ચોમાસુ શરૂ થઈ ગયુ હોવાનો અહેસાસ થયો હતો. દિવસના અંતે પોણા ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. શહેરમાં સિઝનનો સવા ચાર ઈંચ વરસાદ થયો છે. રજાના દિવસે મેઘરાજાએ મહેર કરતા નગરજનોએ વરસાદી વાયરાની જોવા મળી હતી.

ગાંધીનગરના આકાશમાં ઘેરાતા વરસાદી વાદળોએ આજે હળવી મેઘમહેર કરતા શહેરીજનોમાં હર્ષની લાગણી વ્યાપી હતી. છેલ્લા ઘણાં સમયથી સંતાકુકડી રમતા મેઘરાજા હાઉકલી કરીને વિદાય લેતા શહેરીજનો રોજ વરસાદી આશ સાથે આકાશ તરફ નજર માંડતા હતા આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ



પાણીનો ભરાવો થયો હતો. જયારે માર્ગો પણ પાણીના ખોબોચિયા ઉભરાતા નજરે પડયા હતા. રીમઝીમ વરસતા વરસાદમાં નગરની હરિયાળી પણ નિખરી હતી બીજીતરફ સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે અનેકવિધ વરસાદી સમસ્યાઓ ઉદભવી હતી. આજે દિવસના અંતે ૧૮ મી મી વરસાદ વરસ્યો હતો. ગાંધીનગર અમદાવાદમાં વરસાદી માહોલ પણ ગરમીથી ત્રસ્ત રહીશો વરસાદી ઝાપટામાં ભીંજાવા નિકળી પડયા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૦૮ મી મી વરસાદ થયો છે. અલબત્ત સવા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. મોડી સાંજે પણ આકાશમાં વરસાદી વાદળો યથાવત રહ્યા હતા ત્યારે આગામી દિવસોમાં હજુ મેઘરાજાનુ ધમાકેદાર આગમન થાય તેવી આશ શહેરીજનોમાં પ્રબળ બની છે.

## જિલ્લામાં મેઘ મહેરથી મુરઝાતા પાકને જીવતદાન

**માણસામાં રાત્રે સાડા-ત્રણ ઈંચ વરસાદ નોંધાયો : ગાંધીનગર-કલોલ અને માણસામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો : દહેગામમાં વરસાદની ઘટ છે : સાર્વત્રિક વરસાદથી ખુશીનો માહોલ છવાયો**

ગાંધીનગર, તા. ૨૫

ગઈકાલે સાંજથી જિલ્લામાં મેઘ-મ્હેર શરૂ થતાં ખેડૂતોના મુરઝાતા પાકને જીવતદાન મળી ગયુ છે. જિલ્લાના વધુ બે તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ જવા પામ્યો છે.

જિલ્લામાં ગઈકાલ સાંજથી શરૂ થયેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતોના પાકને જીવતદાન મળી ગયુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં માત્ર કલોલ તાલુકામાં વાવણીલાયક અર્થાત્ ૧૨૫ મી.મી. વરસાદ થયો હતો પરંતુ ગઈકાલે રાત્રે થયેલા વરસાદને પગલે માણસા અને ગાંધીનગર તાલુકામાં પણ વાવણીલાયક વરસાદ અર્થાત્ ૧૨૫ મી.મી. જેટલો વરસાદ થઈ ગયો છે.

માણસા તાલુકામાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. કલોલમાં પણ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ગાંધીનગર તાલુકામાં એક ઈંચ અને દહેગામમાં પોણો ઈંચ વરસાદ ગઈકાલ સાંજથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો. જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને ઠંડક વ્યાપી જવા પામી હતી તેમજ ઉકળાટનું જોર ઘટ્યુ છે. આજે વીજ ઉપકરણોનો વપરાશ પણ ઘટવા પામ્યો હતો.

જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે ગ્રામીણ વિસ્તારના તળાવોમાં પાણીની નવી આવક થઈ છે. જોકે ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠી છે.

જિલ્લામાં આજે દિવસ દરમ્યાન પણ વરસાદના હળવા ઝાપટા ચાલુ રહ્યા હતા. સવારે ૬ થી સાંજના ૬ સુધીમાં દહેગામમાં ૧૫ મી.મી., ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૭ મી.મી. અને માણસામાં ૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં હજુ પણ મેઘ મહેર ચાલુ રહેશે તેવુ હવામાન વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

સાર્વત્રિક વરસાદને પગલે જિલ્લામાં હવે દિવેલા, ડાંગર, શાકભાજી તેમજ કઠોળ પાકના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં આ મેઘ મ્હેર પછી પણ વરસાદની ઘટ હજુ છે. દહેગામ તાલુકામાં વધુ ઘટ છે. જોકે જિલ્લામાં વરસાદી માહોલ છવાયો હોવાનો આનંદ સૌને થયો છે અને ખેડૂતોના મુરઝાતા પાકને જે જીવતદાન મળી ગયુ છે તેનો આનંદ વિશેષ જોવા મળી રહ્યો છે.

## વેપારી-હોકર્સ માટેના ખાસ અભિયાન અંતર્ગત ૭૭૩૫ને વેક્સિન અપાઈ







ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે વેપારી-હોકર્સ માટે યોજાયેલ ખાસ અભિયાનમાં ૭૭૩૫ લાભાર્થીઓને આવરી લેવાયા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ જેટલી સેશન સાઈટોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વહેલી સવારે લાઈનો જોવા મળી હતી જેમ જેમ વેક્સિનની કામગીરીમાં ગતિ આવી તેમ તેમ લાઈનો ઘટી હતી. જો કે આજે વેક્સિનેશન દરમ્યાન કોઈને પણ રિએક્શન જોવા મળ્યુ ન હતુ.

ગ્રામ્ય વિસ્તારમાં ૫૩૩૫ લાભાર્થીઓને આવરી લેવાયા હતા. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪,૭૪,૪૮૯ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૨૬,૮૮૬ને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

શહેરમાં ૮ સ્થાનો પર વેપારીઓ અને હોકર્સ માટે ખાસ સેશન સાઈટોનું આયોજન મનપા દ્વારા કરવામાં આવ્યુ હતુ. આજે ૨૪૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે સે. ૮, ૭, ૨૪ અને ૨૧ના સેન્ટરો પર વેપારીઓ અને હોકર્સ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સે. ૨૪ માં ૩૦૦ જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આજે વેક્સિનેશન અભિયાન વિશેષ હોવાથી વેપારી સંગઠ્ઠનો સાથે પણ તંત્રએ બેઠક કરી હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આજે નાના-વેપારીઓ તેમજ હોકર્સનો સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં ઘણા બધા વેપારીઓનું વેક્સિનેશન અગાઉ થઈ ગયુ હતુ. જો કે આજે કલોલ અને માણસામાં વેપારીઓ તેમજ હોકર્સોએ સારો પ્રતિસાદ આપ્યો હતો.

## જી.ઈ.બી. છાપરામાં કોરોનાનો એક કેસ

**સતત બીજા દિવસે પણ શહેરમાંથી કોરોનાનો એક કેસ આવતા તંત્રએ આ બાબતને અતિગંભીરતાથી લઈ ગાઈડલાઈનની અમલવારી તેમજ સર્વેલન્સને વધુ અસરકારક બનાવવાની સૂચનાઓ આપી છે.**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે જ્યારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ જીઈબી નજીકના છાપરામાં રહેતા ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જી.ઈ.બી. છાપરાની વસાહતમાં ઘણા સમય બાદ કેસ નોંધાયો હોવાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તંત્ર દ્વારા આ વસાહતમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

છ દિવસ બાદ સતત બીજા દિવસે પણ શહેરમાંથી કોરોનાનો એક કેસ મળી આવ્યો છે. તંત્રએ આ બાબતને અતિગંભીરતાથી લઈ સોશ્યલ ડિસ્ટન્સીંગની જાળવણી, ફરજીયાત માસ્કના નિયમની અમલવારી તેમજ સર્વેલન્સને વધુ અસરકારક બનાવવાની સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ નોંધાયો નથી અને એક પણ દર્દીને રજા આપવામાં આવી નથી. જો કે હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રખાયેલ વ્યક્તીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જિલ્લાતંત્ર દ્વારા દર્શાવવામાં આવ્યો છે. જિલ્લાતંત્ર દ્વારા આપવામાં આવતા આંકડાઓ માયાજાળ જેવા હોઈ લોકજીભે તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## જિલ્લા પંચાયતમાં પાર્કિંગ અને સભાખંડના રિનોવેશન માટે રૂ. ૩૦ લાખના ખર્ચના અંદાજો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રિનોવેશન માટેના રૂ. ૩૦ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં પાર્કિંગની વધતી જતી સમસ્યાને પગલે પાર્કિંગમાં પેવર બ્લોક અને શેડ સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત પંચાયત કેમ્પસમાં વૃક્ષોને ઉભા રાખી અને પાર્કિંગ એરિયા ડેવલપ કરવા માટેની ડિઝાઈન તૈયાર કરી તેના નકશા-અંદાજો તૈયાર કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતના સભાખંડ સરદાર પટેલ હોલના રિનોવેશનની કામગીરી પણ આ સાથે હાથ ધરવામાં આવશે. પંચાયતમાં નાનુ-નાનુ રિનોવેશન જે બાકી છે તે પણ આ કામ સાથે પૂર્ણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું હાલનું મકાન ૩૦ વર્ષથી પણ વધુ જુનુ છે. એક તાલુકાનો જિલ્લો હતો ત્યારે બનાવાયેલ આ મકાન છે. જિલ્લાનો વિસ્તાર વધ્યો છે તેમજ પંચાયતની કામગીરી અને અધિકારીઓની સંખ્યા વધી છે.

જિલ્લા પંચાયત માટે નવી જગ્યા ફાળવવા માટેની દરખાસ્ત અગાઉ પણ કરવામાં આવી હતી પરંતુ તે દરખાસ્તો ફાઈલ થઈ ગઈ હોવાથી પંચાયત દ્વારા નવેસરથી પણ દરખાસ્ત કરી દેવાઈ છે. જોકે દરખાસ્ત મંજૂર થાય અને જગ્યાની ફાળવણી થાય ત્યાં સુધી હાલના આ મકાનમાં રિનોવેશન અને પાર્કિંગની સુવિધા જરૂરી બની છે.

જિલ્લા પંચાયતની લગોલગથી જ સર્વિસ રોડ શરૂ થતો હોય હાલ નિર્માણાધીન સર્વિસ રોડ પર વાહનો કર્મચારીઓ દ્વારા પાર્ક કરવામાં



આવી રહ્યા છે. કર્મચારી મંડળે પણ પાર્કિંગની સમસ્યાને લઈ નવા જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમને રજુઆત કરી હતી આ પછી હરકતમાં આવેલા તંત્રએ તાબડતોબ પેવરબ્લોક સાથેના પાર્કિંગ માટેની ડિઝાઈન અને નકશા તૈયાર કરી દીધા છે.


**વિશ્વાસ એગ્રો કેમીકલ્સ**

*કંપનીના નીચે મુજબ ઉપલબ્ધ કરેલ પાણીમાં સંપુર્ણપણે દ્રાવ્ય મિશ્ર ખાતરો* (100% Water Soluble Mixture of Fertilizer) *આયાત કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ. એન.પી.કે* (NPK)-19:19:19, *એન.પી.કે* (NPK)-13:40:13 *ઉપરના ઉત્પાદકોની ગુણવત્તા* THE FERTILIZER (CONTROL) ORDER 1985 *મુજબ* Notification No. S.O.4120(E) Dt 30-12-2017 *મુજબ રહેશે.*

**વિશ્વાસ એગ્રો કેમીકલ્સ**

M-Z. 101, સોનમપ્લાઝા, નેમાવર રોડ, નવલખા, ઈન્દોર. (MP) 4502001



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com